શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨૦ • તા. ૨૭ ઓક્ટોબર થી ૨ નવેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


# હલો નલીયા...

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન આયોજિત

જ્ઞાતિનું ચતુર્થ સંમેલન



યજમાન :
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,
નલિયા

**સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા, અબડાસા, કચ્છ.**

FINAL

## તારીખ
## ૨૩, ૨૪, ૨૫
## ડિસેમ્બર ૨૦૧૮

**આપણો વૈભવ ક્યારેય
નહીં પડવામાં નહીં પરંતુ
દરેક વાર પડ્યા પછી વધુ
હુન્નર સાથે ઊંચે ચડવામાં છે**

**- કન્ફ્યુશ્યસ**

**(ચીની ફિલોસોફર)**



**નીશિથ આનંદ દંડ**

**Sure Safety** ®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# વડીલો પરિવારના શીતલ છાંયડા

પ્રકૃતિ આપણને વગર માંગે અમુક વરદાન આપ્યા છે. વિશેષ ભેટ આપી છે. હવા, સૂર્ય, ચંદ્ર, વરસાદ, વૃક્ષ, પહાડ, સમુદ્ર. આ પ્રકૃતિદત વસ્તુઓ વગર માંગે, વગર કહે પોતાની ફરજો બજાવી દુનિયાને પોતાના ગુણોથી તરબતર કરી માલામાલ કરે છે. પણ આ વસ્તુઓનો ઈશ્વર અર્પિત આ વરદ, વિરલ, જણસનો જાણે માનવજાતને કંઈ મૂલ્ય નથી. તેની ગુણોની કદર નથી. તે સૌની નિઃસ્વાર્થી, નિસબત વગરની સેવાની કંઈ કદર નથી.

વૃક્ષ, વનરાઈ વાતાવરણને શુધ્ધ રાખી કાર્બનને શોષી ઓક્સિજન આપે છે. ફળફૂલ આપે છે, પાંદડા રૂપી ખાતર આપી મદદરૂપ થાય છે. સમય જતાં વૃક્ષ ઘટાદાર થાય ત્યારે છાંયો આપે અને વૃધ્ધ થાય ત્યારે લાકડું આપે. આવા છે ગુણકારી વૃક્ષ.

પરિવારના વડીલ પણ એવા વૃક્ષ છે જે જન્મ આપી જતન કરી આપણી માવજત કરી ઉછેર કરે છે. શિક્ષણ વ્યવસ્થા કરી શિક્ષિત કરે છે. સંસ્કાર આપી જીવનનું ઘડતર કરે છે. આમ શીતલ છાયામાં સંતાનો ઉછર છે. પોષણ પામી પુખ્ત થાય છે. આપણો ઘર સંસાર વસાવી આપણને સ્થિર કરે છે. આપણને વિકાસ પંથે લાવે છે.

હવે વડીલો નિવૃત્ત થઈ નવરા પડે છે. તેઓ આપણને સલાહ સૂચન આપી આપણા માર્ગદર્શક બની છે, રાહબર બને છે. માવતર પુત્રની, પુત્રવધુની સેવા ચાકરી લે છે, પણ દીકરીઓની નિયાંણી કહી સેવા લેતા નથી. સુશ્રુષા સ્વીકારતા નથી. જો પાલન પોષણ કરતી વખતે તેઓ કોઈ ભેદભાવ કરતા નથી તો સંતાનો પાસેથી સેવા ભાવ લેવામાં શું કામ તેઓ ભેદભાવ કરે છે?

એમનો ભાવ શુધ્ધ છે. પુત્રીને તેને સાસરીયાને સોંપી છે. એમની સેવા કરવાની એની પ્રત્યે ફરજ બજાવવાની તેમની પુત્રી જે હવે ત્યાંની પુત્રવધૂ છે. તેનું કામ છે એટલે પુત્ર પાસેથી સેવા લેવાનો તેમને ખંચકાટ થાય છે. તેઓ સહાય પુત્રને પોતાનું ઘર સાચવવાની એ ઘરના સભ્યોની સાચવણી કરવા માટે જ સલાહ આપે છે.

જેમણે આપણને જન્મ આપ્યો છે. એ પ્રથમ દ્રષ્ટિએ આપણા પરમાત્મા રૂપે છે. એમનું ઋણ ચૂકવી શકાય નહીં એટલા છે, અગણિત છે. તેમની વૃધ્ધાવસ્થામાં સંતાનોનું વલણ ઉદાર, પ્રેમાળ હોવું જોઈએ. જેથી અશક્ત અવસ્થામાં આપણા સહાયથી તેઓ સશક્ત બની જાય. લાગણીઓ અદ્દશ્ય છે પણ મનુષ્યના જીવન માટે મહત્વની બની જાય છે. એટલે સંતાનોના ભાવ-પ્રેમાળ સ્વભાવ અને લાગણીઓ પામી વૃધ્ધ અવસ્થા ભોગવતા આપણા પરિવારના વૃક્ષો ભલે આયુષ્યના આરે પહોંચ્યા હોવા છતાં આપણા છાંયડા બની શીતલતા આપે છે અને માયા-મમતારૂપી મીઠાશ આપી આપણા જીવનને મહોરે છે. મહેકાવે છે.

જય જ્ઞાતિમૈયા

# સમસ્ત મહાજન દ્વારા નલિયા નગરે મિટીંગ કરાઈ




તા.૨૧ ઓક્ટોબર રવિવાર રોજે સવારે ૧૦.૩૦ કલાકે નલિયા મુકામે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનના ટ્રસ્ટીશ્રીઓ તથા પદાધિકારીઓની મિટીંગ શ્રી નલિયા મહાજનના ઉપક્રમે આયોજાઈ હતી. જેમાં આગામી ડીસે. તા.૨૩,૨૪ અને ૨૫ રોજે નલિયા મુકામે થનારા ચતુર્થ જ્ઞાતિ સંમેલનની તૈયારી આયોજન વ્યવસ્થા વિશેષ અબડાસા તાલુકાના વિવિધ ગામોથી પ્રતિનિધિઓએ હાજરી આપી હતી અને ઉત્સાહવર્ધક રીતે કાર્યવાહીમાં હિસ્સો લીધો હતો.




પ્રારંભે શ્રી સમસ્ત મહાજનના સતર ટ્રસ્ટીશ્રીઓ અને સ્થાનિક મહાજનશ્રીના અગ્રણીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું. પધારેલ સૌ ટ્રસ્ટીઓનું ભાવપૂર્વક સન્માન પ્રમુખ મુલચંદભાઈ મોતા, સેક્રેટરી પીનાકીનભાઈ છેડા દ્વારા કરાયું હતું.

નલિયા મહાજન વતીથી શ્રી કિરણભાઈ લખમશી મોતા હાજર રહેલ સૌને ઉમળકાભેર આવકાર આપ્યો હતો. સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલ નિશિથભાઈ દંડએ સભાને સંમેલન બાબતે સૌને વિસ્તૃત માહિતી આપી વર્તમાન સંજોગે આ બાબતે ઉપસ્થિત સૌને નિખાલસ રીતે અભિપ્રાય આપવા આહવાન કર્યું હતું.

# સમસ્ત મહાજન દ્વારા નલિયા નગરે મિટીંગ... (૪થા પાનેથી ચાલુ)




આગામી સંમેલન બાબતે સૌને ગૌરવભરી લાગણી થઈ રહી છે. આ સંમેલન નહીં પણ વિશાળ અર્થમાં અધિવેશન છે. જેમાં અસંખ્ય પ્રતિનિધિઓ ઠેરઠેરથી હાજરી આપશે. આ અગાઉના સંમેલનો કદાચ સ્વરૂપને હિસાબે મોટા નહીં હોય પણ હવે સર્વે રીતે વિસ્તારીને થવાથી આને મહાઅધિવેશન કહેવું જોઈએ એવો મત શ્રી કિરણભાઈ લખમશી મોતાએ વ્યક્ત કર્યો હતો.




ચતુર્થ જ્ઞાતિ સંમેલનની ચર્ચા ચારે તરફ છે. જ્ઞાતિજનોમાં જેટલો ઉત્સાહ છે એટલી અપેક્ષાઓ પણ છે. છૂપી રીતે કોઈ ટીકા પણ કરે છે કે દુષ્કાળ પરિસ્થિતિમાં આ સંમેલન યોજ્યું વ્યર્થ છે. પણ આ હકીકત ખોટી છે આપણે સૌ કંઈ મિજબાની કરવા કે ભભકો બતાડવા ભેગા થતાં નથી. સાદગી જાળવી સંમેલન આયોજનારું હોવાથી જ્ઞાતિજનોને મદદરૂપ થવાની ભાવના જ સૌને હૈયે છે. આવું મંતવ્ય શ્રી રાજેશભાઈ લખમશી મોતાએ આપ્યો હતો.

જખૌ પાંજરાપોળના સ્થાનિક ટ્રસ્ટી અમિતાબેન તિલકચંદ મોમાયા એ કચ્છ બહાર રહેતા જે કોઈ કહે છે કે દુષ્કાળની સમયે સંમેલન ન રાખવું જોઈએ એ દલીલ વ્યર્થ છે. શું આપણે કોઈપણ સંજોગોમાં ઘર પરિવારના સંસારી કાર્યો, લગ્નપ્રસંગ વિગેરે ઉજવીએ છીએ તો સંમેલન શું કામ મુલત્વી રાખવું? હા, જીવદયા કાર્ય માટે ફંડની સહાય જમા કરી ગૌસેવા માટે આપણે મદદરૂપ થઈ શકીએ.

બાયઠના નિલેશ મેઘજી પોલડીયાએ ખોટી અફવા ફેલાવી જ્ઞાતિમાં દુષ્પ્રચાર કરતાં તત્વોને ઓળખી કાઢવા હાકલ કરી. જ્ઞાતિજનો સંમેલનનો વિરોધ કરે છે એ વાત તદ્દન ખોટી હોવાનું કહ્યું હતું. કચ્છના મૂળ ગામના ટ્રસ્ટી તરીકે અંગત રીતે તથા સમસ્ત મહાજનવતી સૌનો ટેકો આપવા બદલ આભાર માન્યો હતો.

મહાસંમેલન બાબતે કરાતો ખોટો પ્રચાર એ ગેર માહિતી હોવાનું સૌ એ પોતે વ્યક્ત કરેલા અભિપ્રાયમાં જણાવ્યું હતું. કચ્છના અને અબડાસાના પ્રત્યેક ગામના અગ્રણીઓ સંમેલનની કાર્યવાહી, તેના ટેકામાં સબળ પણે ઉભા છે એવો મંતવ્ય વ્યક્ત કર્યો હતો.

સૌના સકારાત્મક વિચારો અને પ્રતિભાવ મંતવ્યોથી ઉપસ્થિત સૌમાં ઉત્સાહ પ્રર્વત્યો હતો અને ખુશી છવાઈ હતી. આમ મુક્ત રીતે વિચારો આદાન પ્રદાનથી સભા સર્વાંગી સફળતાને વરી હતી. સભાન અંતે સૌએ ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની ગાંધીધામ (કચ્છ) ખાતે સભા યોજાઈ




શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન આયોજીત શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલિયાના યજમાન પદે તા.૨૩,૨૪,૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના નલિયા મુકામે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનનું ચતુર્થ સંમેલન યોજાઈ રહ્યું છે. તેના અનુસંધાનમાં શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટીશ્રીઓ તથા પદાધિકારીઓની એક સભા તા.૨૦-૧૦-૨૦૧૮ના શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, ગાંધીધામ (કચ્છ) સાથે એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સમસ્ત મહાજનના ૧૫ ટ્રસ્ટીશ્રીઓ આ સભામાં હાજર રહ્યા હતા. સંપૂર્ણ સભાનું આયોજન રાતના ૯.૦૦ કલાકે ભવ્ય હોલમાં મિટીંગનું આયોજન ગાંધીધામ મહાજનના પદાધિકારીઓએ ખૂબજ સારી રીતે કરેલ. સમસ્ત મહાજનના દરેક ટ્રસ્ટીઓનું પુષ્પગુચ્છ આપી અને શાલ ઓઢાળીને સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચન આપતા સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ દંડે શ્રી સમસ્ત મહાજન તથા કે.ડી.ઓ. વિશે જાણકારી આપી હતી અને સમસ્ત મહાજનની વિવિધ સમિતિઓની વિસ્તારથી કાર્યની નોંધ આપી હતી.













સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ દંડ એ ઉપસ્થિત સૌને આજની પરિસ્થિતિમાં સંમેલન થવું જોઈએ કે નહીં! અથવા કઈ રીતે સંમેલનનો આયોજન કરી આપણે આજના સંજોગોમાં ઉપયોગી થઈ શકીએ એ માટે નિસંકોચ અભિપ્રાયો આપો. મુક્તપણે તમારા વિચારો દર્શાવો એવું આહવાન તેમણે કર્યું હતું.

કચ્છ અબડાસા તાલુકામાં પડેલ દુષ્કાળને કારણે ઘણી અટકળોને ગાંધીધામ (કચ્છ) ખાતે સંમેલન યોજવા બાબત હકારાત્મક અભિપ્રાય મળેલ હતા. સેક્રેટરી જનરલ દ્વારા ગાંધીધામ મહાજનના દરેક સભ્યોને તેમના પ્રતિભાવ આપતા

## શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની ગાંધીધામ... (૬ઠ્ઠા પાનેથી ચાલુ)





વિવિધ પ્રતિભાવ અભિપ્રાય મળેલ હતા કે સંમેલન થવું જ જોઈએ. સંમેલન જ્ઞાતિના ઉત્કર્ષ માટે થાય છે. દુષ્કાળ જેવી પરિસ્થિતિઓ ભૂતકાળમાં પહેલા પણ આવી ચુકી છે. તેનાથી પરે રહીને આ જ્ઞાતિનું ચતુર્થ સંમેલન જરૂરથી થવું જોઈએ એવો સાફ અભિપ્રાય ગાંધીધામ મહાજન દ્વારા આપવામાં આવ્યો હતો.





અરવિંદ લોડાયાએ પાંજરાપોળોમાં કપરી પરિસ્થિતિ છે એ આજની વાસ્તવિક્તા છે. જીવદયા માટે આપણે મદદરૂપ થવાની ભાવના રાખવી જોઈએ સંમેલન થવું કરી નવરાત્રિ ઉજવાય છે. આપણે તો ક્યાં જલસો કરીએ છીએ લાગણી સાથે જ્ઞાતિજનોને ઉપયોગી થવાની ભાવનાનો લક્ષ હોવું જોઈએ, સંમેલન થવું જોઈએ સારી રીતે થવું જોઈએ.



શ્રી અરવિંદભાઈ લાલજી લોડાયા (ગાંધીધામ) કચ્છ મહાજનના પદાધિકારી અને શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી પણ છે. તેઓશ્રીએ ખૂબજ સારી સગવડતા સાથે આ સભા માટે સુંદર આયોજન કર્યું હતું. શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટીશ્રીઓની રહેવાથી કરી જમવા તથા સભા સ્થળ સુધી પહોંચવાની સંપૂર્ણ જવાબદારી તેમના સાથી પદાધિકારીઓના સંગાથે સુપેરે પાર પાડેલ હતી અને સમસ્ત મહાજનના દરેક ટ્રસ્ટીશ્રીઓએ તેમનો વિશેષ આભાર માન્યો હતો. રાત્રે ૧૧ કલાકે સભા પૂર્ણ થતાં સૌએ સાથે મળીને ચા-પાણી નાસ્તાનો લાભ લઈ વિખુટા પડ્યા હતા તથા સમસ્ત મહાજનના ટ્રસ્ટીશ્રીઓ કચ્છ નલિયા મુકામે જવા રવાના થયા હતા.

સી.એ. મિતેશ મધુકાંત ધરમશીએ ૧૫ માસ અગાઉ ચતુર્થ જ્ઞાતિ સંમેલનની જાહેરાત કરાઈ હતી. હાલે કચ્છમાં પૂરતો વરસાદથી પરિસ્થિતિ બગડી છે એ હકીકત છે આ સ્થિતિ કુદરતી છે. આપણા સંજોગોના બહારની છે. વિવિધ સ્થળો દેશ-દેશાવરથી જ્ઞાતિજનો આવશે વિવિધ તીર્થોની સ્થળોની મુલાકાત લેશે. વિવિધ ખાદ્ય વસ્તુઓની, કપડાં, ચીજ વસ્તુઓ હસ્તકલા કારીગરીની ખરીદી કરશે. ગામે ગામ જશે આવશે એને લીધે પરોક્ષ રીતે એમને મદદરૂપ થશે. સમય સંજોગો સારા કપરા જતાં આવતાં રહે છે જેથી સારા પ્રસંગો ઠરાવેલ સમયે જ થવા જોઈએ એજ આજનો તકાદો છે. એવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો.

# સમસ્ત મહાજનશ્રી તરફથી ભુજ મુકામે સભા યોજાઈ



શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન ભુજના યજમાન પદે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન તરફથી તા.૨૧ ઓક્ટોબર રવિવાર રોજે ૮.૩૦ કલાકે કચ્છ એકમ ભુવન ખાતે ચર્તુથ સંમેલન વિશે ચર્ચા વિચારણા કરવા સભા યોજાઈ હતી. જેમાં ૭૦ થી ૭૫ જણની હાજરી રહી હતી. મિટીંગ પૂર્વે ભોજન સમારોહ યોજાયો. ત્યારબાદ મહાજનશ્રીના સૌ ટ્રસ્ટીઓની ઉપસ્થિતમાં સભા મળી.





સ્થાનિક મહાજનશ્રી દ્વારા ઉપસ્થિત સમસ્ત મહાજનશ્રીના મોવડીઓનું હારારોપણ કરી સ્વાગત સન્માન કરાયું હતું. ભુજ મહાજનશ્રીના અગ્રણીઓ દ્વારા મહેમાનોને શાબ્દિક આવકાર અપાયો.

સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલ શ્રી નીશિથભાઈ દંડેએ આગામી જ્ઞાતિ સંમેલન બાબતે ઉપસ્થિતજનોને માહિતી આપી હતી અને હાલે પ્રર્વતા સંજોગો બાબતે શું વલણ આપણે ધરાવવું એ માટે સૌને મુક્ત ચર્ચા કરવા આમંત્ર્યા હતા.





ભુજ અને પરિસર ગામોના વિવિધ વિસ્તારોમાંથી પધારેલ જ્ઞાતિ અગ્રણીઓએ ચતુર્થ સંમેલન બાબતે સકારાત્મક વિચારો દ્વારા પોતાના મંતવ્યો જણાવ્યા હતા અને સૂચનો કર્યા હતા.

આમ સર્વ રીતે નિખાલસ ચર્ચા વિચારણ થઈ હતી અને સંમેલન બાબતે હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.




શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ - સંચાલિત
માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ ટ્રસ્ટ
દ્વારા
KDO
GRUhA UDYOG
KDO
દિવાળી મિઠાઈ ઉત્સવ
KAJU KATRI 860/- Per Kg.
KESAR KAJU KATRI 960/- Per Kg.
DRY FRUIT SUGAR FREE KHAJUR 780/- Per Kg.
DRY FRUIT KUTELI BUNDI LADDU 450/- Per Kg.
KESAR MOHANTHAR 450/- Per Kg.
DRY FRUIT FINIYA LADDU 500/- Per Kg.
OTHER MITHAI
Delivery of order
on or before 3-11-2018
No Booking & Delivery
4-11-2018 to 5-11-2018
આકર્ષક ગીફ્ટ પેકીંગમાં ઉપલબ્ધ
• ઓર્ડર માટે સંપર્ક •
અજીતભાઈ ૯૮૬૯૭૩૧૯૧૨
હિતેશભાઈ ૯૮૯૨૧૮૫૨૦૫
મસ્જીદ બંદર ૨૩૭૮ ૦૪૪૭/૯૩૨૬ ૩૪૯૬૮૭
ભાંડુપ (અનંતસિદ્ધિ) ૨૫૯૫ ૫૮૯૩/૯૩૨૬૩૩૯૭૮૫
અનંતનાથ દેરાસર ૮૯૨૮૩૦૬૯૧૯
શાસ્ત્રી નગર, ભાંડુપ ૯૩૨૬૩૪૯૫૬૩


આશ્વ એથનિક્સ
પ્રસંગ પરિધાનનું મથક
શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ
પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઈચ્છા માંગ અને
જરૂરિયાત અનુરૂપ
પૌરૂષત્વને નિખારતું પરિધાન
એકવારની મુલાકાત –
સદાયનો થશે સંગાથ
ફેક્ટરી આઉટલેટ
બી–૫૭, શાંતિ ઈન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ,
તાંબેનગર,
મુલુંડ(વેસ્ટ)
વિશિષ્ટતા
કસ્ટમાઈઝડ
ડિઝાઈન
સમય : સવારે ૧૧.30 થી ૮.00
(ગુરૂવારે બંધ)
વધુ વિગત માટે સંપર્ક
Call : 8169873626
ખાસ વિશિષ્ટતા
ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે.રાજનીતિ મોદી સુટ

# કોઠારામાં જૈનાચાર્યના ૮૭મા જન્મોત્સવ પ્રસંગે રોગ નિદાન શિબિર યોજાયો

કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ દ્વારા કોઠારા ખાતે યોજાયેલા વિવિધ રોગ નિદાન કેમ્પમાં ૫૬૦ દર્દીઓ તપાસી દવા અપાઈ હતી; તો ૪૦ જેટલા ઓપરેશનલાયક દર્દીઓનાં ભુજ ખાતે નિઃશુલ્ક ઓપરેશન કરાશે.

ગોધરાની આ સમિતિ છેલ્લા બે દાયકાથી અલ્પ આરોગ્ય સુવિધાવાળા વિસ્તારોમાં વિવિધ રોગ નિદાન કેમ્પ યોજી જરૂરતમંદોને આરોગ્ય ક્ષેત્રે મદદરૂપ થાય છે. સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ જોશીએ વધુ ચાર કેમ્પ ડિસેમ્બર માસમાં યોજાશે તેવું જણાવી દાતાઓના સહયોગની સરાહના કરી હતી.

આ પ્રસંગે ડૉ.વિશન નાગડા, સંસ્થાના અગ્રણી ચંદ્રકાંતભાઈ મોતા, ડૉ.દામોદર નંદા, વી.આર.ટી.આઈ.ના ગોરધનભાઈ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચન કરી સંસ્થા અને દાતાની પ્રવૃતિને બિરદાવી કેમ્પોમાં દાતાઓએ વાપરેલી લક્ષ્મી એ મહાલક્ષ્મી સમાન હોવાનું જણાવ્યું હતું. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૮૭મા જન્મોત્સવ વર્ષ પ્રસંગે યોજાયેલા વિવિધ રોગ નિદાન કેમ્પમાં મુંબઈથી ૨૫ જણની ટીમે સ્થાનિક આવી દર્દીઓની શુશ્રૂષા કરી હતી. કેમ્પ યોજવા માટે મુખ્ય આર્થિક સહયોગ કુસુમબેન દિનેશભાઈ માલશી છેડા(કુંદરોડી), સેજલ તેજસ દિનેશભાઈ છેડા, શીતલ ભાવેશ વીરા, ફાલ્ગુની સંદીપ ગોગરી, છેડા પરિવાર (કુંદરોડી-બોરીવલી-મુંબઈ)નો મળ્યો હતો.

કેમ્પ ૩૫૦ ચશ્માનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. તો ૩૦૦ જેટલા દર્દીઓના દાંત કાઢી અપાયા હતા. દમના દર્દીઓનું પ્રમાણ પણ મોટું રહ્યું હતું. ૨૦૦ દર્દીઓને દમની સારવાર અપાઈ હતી. આ કેમ્પમાં ડૉ.વિશન નાગડા, નીમુબેન નાગડા, ડૉ.દામોદર નંદા, ડૉ.રૂપેશ ગોર, ડૉ.ચાર્મી તન્ના, ડૉ.વિધિ શુક્લા, ડૉ.ધીરજ છેડા વગેરેએ સેવા આપી હતી.

કોઠારા હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય પ્રભાતસિંહ જાડેજા, દાતા અશ્વિનભાઈ ચંદન, ચૂનીભાઈ પોમલ, ભરતસિંહ જાડેજા, દામજી ચૌહાણ, ખોડુભા જાડેજા, રાજવીરસિંહ રાઠોડ વગેરે સહભાગી બન્યા હતા. સંચાલન પ્રબોધભાઈ મુનવરે કર્યું હતું. સમિતિના દીપક હરિયા, ભરતભારથી, ધીરેન ગાલા, મનુભા ઝાલા, વિનય ગાલા, હાજી સલીમ ચાકી, હમીદ લાખાણી, જીતુ ભાનુશાલી વગેરેની ઉપસ્થિતિ રહી હતી.

## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ

## www.kdosamastamahajan.org



**આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે**

**પીડીએફ નકલ ડાઉનલોડ કરી પ્રિન્ટ હાથ વગી કરી શકશો**

# દ્વિતીય સંમેલનના ચોવીસ ઠરાવો

સંમેલનની વિષય વિચારણા સમિતિ દ્વારા મંજૂર થયેલ ઠરાવો ખુલ્લી બેઠકમાં રજૂ કરવામાં આવ્યા. પ્રમુખશ્રી તરફથી રજૂ થયેલા ઠરાવોના મુખ્ય ઉદ્દેશો ટૂંકમાં નીચે મુજબ હતા.

**ઠરાવ ૧. અતિવૃષ્ટિ અને રેલરાહત અંગે**

આ વર્ષે અતિવૃષ્ટિના કારણે કચ્છ, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના ઘણા મોટા વિસ્તારોમાં કુદરતે કેર વર્તાવેલ છે. આ અંગે આ જ્ઞાતિ સંમેલન વ્યથિત હૃદયે ભોગ બનેલા ભાઈ બહેનો પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરે છે. કચ્છ અને અન્ય સ્થળોએ રાહત કાર્યો માટે ઉદારતાથી ફાળો આપવા અનુરોધ કરે છે.

ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

**ઠરાવ ૨. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની પોસ્ટલ ટિકીટ અંગે**

પ્રસ્તુત કરનાર : શ્રી લખમશી પાસુભાઈ ધુલ્લા (અમરાવતી)

અનુમોદન આપનાર : શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ)

આ સંમેલન ભારત સરકારને વિનંતી કરે છે કે દેશની અગ્રગણ્ય વ્યક્તિઓની પોસ્ટલ ટિકિટો પાડવાની પ્રથાને અનુસરીને આપણી જ્ઞાતિના જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની પોસ્ટલ ટિકિટ સરકાર બહાર પાડે. આ ઠરાવ સંબંધિત કેન્દ્ર સરકારના પ્રધાનશ્રીને મોકલી આપવો.

ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

**ઠરાવ ૩. મહિલા ગૃહ ઉદ્યોગ શરૂ કરવા અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી પ્રમિલાબેન ઉમરશી કુરવા (અમદાવાદ)

અનુમોદન આપનાર : શ્રી કુલીનકાંત ગોવિંદજી નાગડા (નાંદેડ)

શ્રી કરમશી રતનશી શાહ (ધમતરી)

'મધ્યમ વર્ગની બહેનો પગભર થાય તે માટે ગૃહ ઉદ્યોગનું માર્ગદર્શન તથા સહાય આપવા અંગે સ્થાનિક મહાજનો તથા સંસ્થાઓને અનુરોધ કરે છે.'

ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

**ઠરાવ ૪. ઔદ્યોગિક વ્યવસાયિક કોર્પોરેશન સ્થાપવા અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી રતનશી જેઠાભાઈ ખોના (સાંગલી)

અનુમોદન આપનાર : શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ)

'ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ પ્રાપ્ત કરનાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને વ્યવસાયિક માર્ગદર્શન તથા આર્થિક સહાય માટે તક મળે તે માટે 'ઔદ્યોગિક વ્યવસાયિક વિકાસ કોર્પોરેશન' સ્થાપવા તથા ફંડ એકત્ર કરવા તથા અમલીકરણ માટે સમિતિ નિમવામાં આવે છે.'

**સમિતિના સભ્યો**

૧. શ્રી રતનશી જેઠાભાઈ (સાંગલી) કન્વીનર, ૨. શ્રી મણીકાંત રાયચંદ મોમાયા (ઉઘના), ૩. શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ), ૪. શ્રી ભરત બી. ખીમજી (હુબલી), ૫. શ્રી શીવજી કુંવરજી વિકમશી (મુંબઈ).

આ ઠરાવની ચર્ચામાં શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા (મુંબઈ), શ્રી લલિત દામજી મૈશેરી (મુંબઈ), શ્રી લક્ષ્મીચંદ મુલજી લોડાયાએ ભાગ લીધો.

**ચર્ચા વિચારણા અંતે સર્વાનુમતે ઠરાવ મંજૂર થયો.**

**ઠરાવ ૫. જ્ઞાતિ ઈતિહાસ અંગે**

પ્રસ્તુત કરનાર : શ્રી કરમશી ખેતશી ખોના (પાલીતાણા)

અનુમોદન આપનાર : શ્રી દેવજી દામજી ખોના (મુંબઈ)

'પ્રથમ જ્ઞાતિ સંમેલનમાં થયેલા ઠરાવના અનુસંધાનમાં સમસ્ત જ્ઞાતિનો ઈતિહાસ તૈયાર કરવા અનુરોધ કરે છે.'

## દ્વિતીય સંમેલનના ચોવીસ ઠરાવો (૧૨મા પાનેથી ચાલુ)

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૬. જ્ઞાતિ સર્વેક્ષણ અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી મણિકાંત લખમશી નાગડા (ગદગ)

અનુમોદન આપનાર : શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ)

'જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર તથા શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાતોનું એક સવેતન આયોગ નિમવા ઠરાવે છે. તથા સર્વેક્ષણ મુજબ અગ્રતા ક્રમે જ્ઞાતિ ઉત્કર્ષના પગલા લેવા અનુરોધ કરે છે.'

આ ઠરાવની ચર્ચામાં શ્રી વાલજી ધનજી મોતા (ગદગ) તથા શ્રી ડાયમંડ દામજી મૈશેરીએ ચર્ચામાં ભાગ લીધો.

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૭. મુંબઈ મહાજનવાડીનું આધુનિકરણ કરવા અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી માણેકજી કુંવરજી લુઠીયા (કોચીન)

અનુમોદન આપનાર : શ્રી નવીનચંદ્ર મુલજી સોનાવાલા (ગદગ)

'આપણી જ્ઞાતિની 'શેઠ કાનજી વિસનજી પાલાણી શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનવાડી ટ્રસ્ટ' (મુંબઈ)ના ટ્રસ્ટીઓને આધુનિકરણ કરવા અનુરોધ કરે છે. મજકુર કાર્યમાં પૂરેપૂરો સહકાર આપવા અનુરોધ કરે છે.'

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૮. કચ્છ હાલાર ગ્રામ સુધારણા તથા વિકાસ અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી હીરાચંદ શીવજી મેપાણી (મુંબઈ)

અનુમોદન આપનાર : શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ),

શ્રી મોતીચંદ નરશી ધરમશી (હુબલી),

શ્રી પદમશી કુંવરજી શીઆડ (જખૌ),

શ્રી પદમશી લખમશી લાલકા (આદિપુર)

'આધુનિક વિકાસથી વંચિત રહેલા કચ્છ-હાલારના ગામડાઓને રાજ્ય સરકાર તરફથી રાહત સગવડો મળે છે. તેનો આર્થિક અને શૈક્ષણિક વિકાસ લાભ મળે તે માટે પાંચ ભાઈઓની એક સમિતિ નીમી તે અંગે જરૂરી પગલાં લેવા અનુરોધ કરે છે.'

**સમિતિના સભ્યો**

૧. શ્રી રમેશ નારાણજી દંડ

૨. શ્રી નારાણજી શામજી મોમાયા

૩. શ્રી ભવાનજી નરશી છેડા

૪. શ્રી મુલજી લાલજી ખોના

આ ઠરાવની ચર્ચામાં શ્રી મણીલાલ ખેતશી ખોનાએ ભાગ લીધો.

ચર્ચા વિચારણાના અંતે આ ઠરાવ મંજૂર થયો.

**ઠરાવ ૯. જ્ઞાતિજનોને નોકરી તથા વિવિધ લાભો આપવા અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી માણેકજી કુંવરજી લુઠીયા (કોચીન)

અનુમોદન આપનાર : શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોચીન ઈત્યાદિ

'જ્ઞાતિની વ્યાપારી, ઔદ્યોગિક ટ્રસ્ટો તથા સંસ્થાઓમાં જ્ઞાતિજનોને અગ્રતા ક્રમે નોકરી રાખવા તથા વધુમાં વધુ લાભો આપવા તથા અન્ય સ્થળે ઉચ્ચ હોદ્દા ધરાવતા જ્ઞાતિભાઈઓને તેમના ક્ષેત્રમાં સમાવેશ કરવા અનુરોધ કરે છે.'

ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૧૦. ધાર્મિક શિક્ષણ અંગે :**

# દ્વિતીય સંમેલનના ચોવીસ ઠરાવો (૧૩મા પાનેથી ચાલુ)

પ્રસ્તુત કરનાર : શ્રી લીલાવંતીબેન જવેરીલાલ દંડ (કોચીન)

અનુમોદન આપનાર : શ્રી દામજી જેઠાભાઈ દંડ (કોચીન)

'જ્ઞાતિના ૨૦ થી વધુ ઘરોની વસતી હોય ત્યાં ધાર્મિક શિક્ષણ આપવા, પાઠશાળાઓ શરૂ કરવા તથા ઉદારતાપૂર્વક આર્થિક સહાય આપવા અનુરોધ કરે છે.'

આ ઠરાવની ચર્ચામાં શ્રી રતિલાલ ગોવિંદજી લોડાયા (અંધેરી), ડૉ. મધુકાંત રતનશી ધરમશી (રાયપુર), શ્રી દેવજી દામજી ખોના (મુંબઈ), શ્રી લહેરચંદ વેલજી મૈશેરી (મુંબઈ), શ્રી ધનજી દેવજી શીઆડ (રાયપુર), શ્રી લાલજી હંસરાજ લાલકા (ગદગ), શ્રી વાલજી દેવજી પોલડીયા (મુંબઈ), શ્રી મણિલાલ ખેતશી ખોના (વાંકુ) એ ભાગ લીધો.

**ઠરાવ ૧૧. જ્ઞાતિજનોના યોગ્ય રહેઠાણ અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી ચીમનલાલ નારાણજી નાગડા (હુબલી)

અનુમોદન આપનાર : શ્રી રાયચંદ પાશ્વીર લોડાયા (ગદગ)

'મુંબઈ તથા આજુબાજુના વિસ્તારોમાં જ્ઞાતિજનો ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારોમાં રહે છે તે સમસ્યાનું નિવારણ કરવા શ્રી અનંતનાથજી ટ્રસ્ટ, મહાજનો તથા એકમોને સહકારી ધોરણે મકાન બાંધાકામની પ્રવૃત્તિ શરૂ કરવા અનુરોધ કરે છે.'

ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૧૨. કો.ઓપરેટીવ અરબન બેંક અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ)

અનુમોદન આપનાર : શ્રી પ્રેમજી લાલજી લોડાયા (હૈદ્રાબાદ) અને અન્ય ભાઈ બહેનો તેમજ મહાજનો.

'આપણા જ્ઞાતિજનોની આર્થિક જરૂરિયાત, ધંધા ઉદ્યોગોના વિકાસ અર્થે જોઈતી નાણાકીય સવલતો માટે અરબન કો. ઓ.બેંકની સ્થાપના કરવા અનુરોધ કરે છે એ માટે નિષ્ણાત ભાઈઓની સમિતિ રચી બેંક સ્થપાય તે માટે પ્રયત્નો કરવા ભલામણ કરે છે.'

ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**સમિતિના સભ્યો**

૧. શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ)

૨. શ્રી ગુલાબચંદ એમ સોનાવાલા (હુબલી)

૩. શ્રી લહેરચંદ લખમશી ઓશવાલ (મુંબઈ)

૪. શ્રી વિસનજી હીરજી દંડ (મુંબઈ)

૫. શ્રી ટોકરશી ખીમજી ડાઘા (થાણા)

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૧૩. મુંબઈમાં અતિથિગૃહ નિર્માણ અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી જેઠુભાઈ ગોવિંદજી મોમાયા (તિરૂપુર)

અનુમોદન આપનાર : શ્રી માણેકજી કુંવરજી લુઠિયા અને અન્ય સંખ્યાબંધ જ્ઞાતિજનો તેમજ મહાજનો.

'મુંબઈ તથા મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનોને ઉતારા માટે આધુનિક સગવડતાવાળું અતિથિગૃહ સ્થાપવા જ્ઞાતિ સંસ્થાઓને ભલામણ કરે છે.'

આ ઠરાવની ચર્ચામાં શ્રી લલિત દામજી મૈશેરી, શ્રી ટોકરશી ચાંપશી લોડાયા (અલ્પઈ), શ્રી હીરાચંદ શીવજી મેપાણી (મુંબઈ), શ્રી પદમશી કુંવરજી શિયાડ (જખૌ) તથા શ્રી ડુંગરશી નરશી પોલડીયા (મુંબઈ)એ ભાગ લીધો.

**ઠરાવ ૧૪. પૂ. આચાર્ય દેવ ગુણસાગર સૂરિશ્વરજી મ.સા.ની પ્રશંસા અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી ટોકરશી આણંદજી લાલકા (મુંબઈ)

અનુમોદન આપનાર : શ્રી દેવજી દામજી ખોના (મુંબઈ)

# દ્વિતીય સંમેલનના ચોવીસ ઠરાવો (૧૪મા પાનેથી ચાલુ)

'પરમપૂજ્ય આચાર્ય દેવ શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મ.સાહેબ ગચ્છની ઉન્નતિ માટે પ્રવૃત્તિઓ કરી રહ્યા છે તે ઋણનો સ્વીકાર કરે છે અને એવી પ્રવૃત્તિઓ ભવિષ્યમાં હાથ ધરે તેને સાથ સહકાર આપવા અનુરોધ કરે છે.'

શ્રીદેવજી દામજી ખોના (મુંબઈ) તથા શ્રી બંકિમચંદ્ર કે. લોડાયાએ સેવાનું અનુમોદન કર્યું હતું.

શ્રી કરમશી ખેતશી ખોનાએ વિરોધ દર્શાવ્યો હતો.

છેવટે આ ઠરાવ પણ સર્વાનુમતે પસાર થયો.

**ઠરાવ ૧૫. યુવાનો તથા મહિલાઓને પ્રતિનિધિત્વ આપવા અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી લીલાવંતી જવેરીલાલ દંડ (કોચીન)

અનુમોદન આપનાર : શ્રી હીરાચંદ ડી. દંડ (હુબલી)

'આ જ્ઞાતિ સંમેલન, જ્ઞાતિ મહાજનો, એકમો તથા જ્ઞાતિ સંસ્થાઓને પોતાની સંસ્થાઓની સંચાલન સમિતિઓમાં યુવાનો તથા મહિલાઓને શક્ય તેટલું વધુ પ્રતિનિધિત્વ આપવા અનુરોધ કરે છે.'

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૧૬. બાલ કલ્યાણ નિધિ અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (બેંગ્લોર)

અનુમોદન આપનાર : શ્રી શૈલેષ સનત શાહ (મુંબઈ)

'આંતરરાષ્ટ્રીય બાલવર્ષને અનુલક્ષી જ્ઞાતિજનોને ઘેર શિશુનો જન્મ થાય ત્યારે શક્તિ અનુસાર રકમ એકત્ર કરી મજકુર શિશુ અને સંસ્થાના નામે બેંકમાં સુરક્ષિત રાખી એકવીસ વર્ષ બાદ એ રકમ પરત મળે તેવી ભલામણ કરે છે.'

(આ યોજના સૌ પ્રથમ ગદગ અને બેંગ્લોરમાં શરૂ થઈ છે.)

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૧૭. હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓમાં આરક્ષણ અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (બેંગ્લોર)

અનુમોદન આપનાર : શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન (કારંજા)

'જ્ઞાતિદાતા જ્યારે શૈક્ષણિક કે વૈદ્યકિય સંસ્થાઓમાં દાન આપે ત્યારે તે સંસ્થામાં શૈક્ષણિક બેઠકો કે ખાટલાઓ આરક્ષણ કરે જેથી જ્ઞાતિજનોને લાભ મળે.'

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૧૮. જ્ઞાતિ રીતરિવાજો અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી લીલાવંતીબેન જવેરીલાલ દંડ (કોચીન)

અનુમોદન આપનાર : શ્રી રતિલાલ કેશવજી મોમાયા (હૈદ્રાબાદ)

'આજનું આ સંમેલન નીચે આપેલા જ્ઞાતિના ધારાધોરણોને માન્યતા આપે છે અને સમસ્ત જ્ઞાતિજનોને નિષ્ઠાપૂર્વક અમલ કરવા અને ઉલ્લંઘન ન કરવા ભલામણ કરે છે.'

નોંધ : નીચેના જ્ઞાતિ રીતરિવાજોના ઠરાવોમાં જણાવેલી રકમથી ઓછી રકમ આપી શકાય છે. પણ મર્યાદાથી વધુ રકમ આપવી નહિ.

(ક) જન્મ :

૧. બાળકના જન્મની નોંધ ત્રણ માસમાં મહાજનશ્રીના કાર્યાલયમાં નોંધાવવી. નોંધનો લાગો રૂ.૧.૨૫થી વધુ લેવો નહિ.

૨. છઠ્ઠીમાં દાગીનાને બદલે રોકડા રૂપિયા જ આપવા. સામેની છઠ્ઠી પ્રથા બંધ રાખવી. છઠ્ઠ આપવા બહારગામ જવું નહિ.

૩. વિયાતરમાં મોસાળ પક્ષે કપડાં ઉપરાંત રૂ. ૫૦૧થી વધુ આપવા નહિ. સગાંઓએ છઠ્ઠીમાં રૂા. ૨૫થી વધુ આપવા નહિ. તે રકમ બેંકમાં જમા રાખવી.

૪. વિયાતરમાં દિકરી જમાઈ સિવાય અન્ય સગાઓને કશું આપવું નહિ.

# દ્વિતીય સંમેલનના ચોવીસ ઠરાવો (૧૫મા પાનેથી ચાલુ)

ખ) સગપણ

૧. સગપણની નોંધ મહાજનશ્રીના કાર્યાલયમાં કરાવવી. મહાજનશ્રીનો લાગો રૂ.૧.૨૫થી વધુ લેવો નહિ.

૨. ઘર દેખાણીમાં કન્યાને કપડાની એક જોડ, મિઠાઈ તથા સુખડીના રૂ.૧૧ થી ૨૫ વચ્ચે આપવા. સગાઓએ લેતી દેતી કરવી નહિ.

૩. સગાઈ અંગે બન્ને પક્ષોએ કોઈ માગણી કે લેતી દેતી કરવી નહિ.

૪. સગપણમાં ચોલી કે સુખડી પ્રથા બંધ રાખવી. વેવાણને ચોલી દીઠ રૂ.૨૫ તથા વેવાઈને પાગ પછેડીના રૂ.૨૫થી વધુ આપવા નહિ.

ગ) લગ્ન :

૧. વનાડાની પ્રથા સદંતર બંધ રાખવી.

૨. બહારગામ જાનમાં ૨૫ જણ જાન લઈ જવા.

૩. લગ્ન પ્રસંગે મોટી રજા સહિત કાર્ય એક દિવસમાં આટોપી લેવા. મોટી રજાના જમણની પ્રથા બંધ રાખવી.

૪. પડરામાં વધુમાં વધુ અગિયાર તોલા સોનાના દાગીના ચડાવવા-પડરામાં ચડાવેલ દાગીના સ્ત્રીધન ગણાશે.

૫. કન્યાદાન : કન્યાદાનમાં વાલીઓએ વધુમાં વધુ અગિયાર તોલા સોનાના દાગીના ચડાવવા ૨૧ જોડી કપડાની આપવી. ફર્નિચર અને ચાંદીના વાસણોના રૂ.૧૦૦૧ થી વધુ આપવા નહિ.

૬. મામેરીયું : મોસાળ પક્ષે મામેરીયાના રૂ.૧૦૦૧ થી વધુ આપવા નહિ. અન્ય સગાંઓએ લેવી દેતી કરવી નહિ.

૭. શક્ય હોય ત્યાં સુધી સામૂહિક લગ્નોને ઉત્તેજન આપવું.

૮. લંગાને અપાતી ગોરની પ્રથા સદતર બંધ કરવી.

૯. ડેકોરેશન, ફિલ્મ, ફોટાઓ, જમણવારના ખર્ચ બને ત્યાં સુધી ઓછા કરવા.

૧૦. અધરણીની પ્રથા બંધ કરવી. કુળદેવીઓના જુઆર કરવા હોય તો કોરા કરવા. જમણવાર ન રાખવું. માથું પણ પોતાના ઘરે ધોઈ લેવું.

૧૧. પિયરવાળાઓએ અધરણીના પ્રસંગે કપડાની એક મડ આપવી. પંચમાસી પોતાના ઘરની કરાવવી પંચમાસી પહેરાવનાર તથા ખોળો ભરાવનારને રૂ.૧૧.૦૦ થી વધુ આપવા નહિ.

ઘ) છૂટાછેડા :

બને ત્યાં સુધી કોઈએ છૂટાછેડા લેવા નહિ. મહાજનશ્રીઓએ સમાધાન માટે પ્રયત્ન કરવા. જો શક્ય ન હોય તે તેના બાળકોના ભરણપોષણ તથા સ્ત્રી ધન સહિત બધા હક્કોના રક્ષણની વ્યવસ્થા સંબંધિત મહાજનશ્રીઓએ કરાવી આપવી.

ચ) ધાર્મિક :

૧. તપસ્વી ભાઈ બહેનોની સામુદાયિક સાંજી રાખવી. ઘર તરફથી તપસ્વીને રૂ.૧૦૧થી વધુ આપવા નહિ. સગાંઓએ નાળિયેરનો રૂ.૧ થી વધુ આપવો નહિ.

૨. સાંવત્સરિક ક્ષમાપના શક્ય હોય ત્યાં સુધી સામૂહિક રાખવી.

છ) મરણોત્તર વિધિ :

૧. સ્મશાનયાત્રા બાદ બહેનોએ નાહીને સડક કે આટલા ઉપર બેસવું નહિ. મોટેથી રડીને મોઢું ઢાકવું નહિ.

૨. મૃત્યુ સમયે વેવાઈ વેવાણને શાલ કે ચોલી નાખવી નહિ.

૩. મરનાર વ્યક્તિની પાછળ તેની વિધવા સ્ત્રી સિવાય કોઈએ નાકની સળી તથા ચાંદલો કાઢવો નહિ.

૪. શોક પ્રસંગે સફેદ સાડલા પહેરવા.

૫. સાદડી પ્રથાને બદલે પ્રાર્થના કરી દૂરના સ્થળે પોસ્ટકાર્ડ લખવો.

૬. મૃતકની સાદડી તથા બહેનોએ ઘેર બેસવાનું ત્રણ દિવસમાં પતાવી લેવું.

૭. ગુડાવર પ્રસંગે નજીકના કુટુંબીઓએ મરજીયાત પણે બાર દિવસની અંદર જવું.

# દ્વિતીય સંમેલનના ચોવીસ ઠરાવો (૧૬મા પાનેથી ચાલુ)

૮. નજીકના સગા સિવાય કોઈએ એક મહિનાથી વધુ સૂગ રાખવી નહિ. સૂગ લારાણી આપવી નહિ. છમાસી અને વરસીની પ્રથા બંધ રાખવી.

આ ઠરાવની ચર્ચામાં ગુણવંતીબેન હીરાલાલ ખોના (હુબલી), શ્રી મીનાબેન ગુલાબચંદ સોનાવાલા (હુબલી), શ્રી જયાબેન દામજી નાગડા (બેલ્લારી), શ્રી વાલબાઈ વિસનજી નાગડા (યાવલ), શ્રી લખમશી પાસુભાઈ (અમરાવતી), શ્રી વિનોદ એસ. છેડા (ઘાટકોપર), શ્રી કરમશી રતનશી શાહ (ધમતરી), શ્રી શાંતીલાલ ડી. દંડ (મુલુંડ), શ્રી હીરાચંદ ડી. દંડ (હુબલી), શ્રી દેવજી દામજી ખોના (મુંબઈ), શ્રી ગોવિંદજી વેલજી છેડા (નલીયા), શ્રી ડૉ. ઈલા વેરશી મૈશેરી (મુંબઈ), વાલજી ધનજી મોતા (ગદગ), શ્રી કુંવરજી હેમરાજ લોડાયા (ગદગ), પદમશી કુંવરજી શિયાડ (જખૌ), કોચીન અને ખામગામ મહાજનશ્રી, હુબલી સ્નાત્ર મંડળ તથા શ્રી હુબલી મહિલા હિતવર્ધક મંડળે ભાગ લીધો.

વિધવા વિવાહને લગતી પેટા કલમ નં. (૧૦) ઉપર લંબાણપૂર્વક ચર્ચા થઈ. શ્રી દેવજી ખોના (મુંબઈ) એ વાંધો ઉઠાવતાં વિવાદાસ્પદ 'વિધવા વિવાહ લગ્ન'ની કલમ રદ કરવામાં આવી.

**ઠરાવ ૧૯. સાહિત્ય, રમત ગમત તથા કલા ક્ષેત્રે પ્રોત્સાહન અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી શૈલેષ સનત શાહ (મુંબઈ)

અનુમોદન આપનાર : શ્રી હીરાચંદ ડી. દંડ (હુબલી)

'આપણા જ્ઞાતિજનો સાહિત્ય, રમત ગમત તથા કલાક્ષેત્રે પ્રગતિ કરે તે માટે તેમને ઉત્તેજન, માર્ગદર્શન તથા ઉચિત પુરસ્કાર આપવા સાત વ્યક્તિઓની એડહોક સમિતિને ભલામણ કરે છે.'

**એડહોક સમિતિના સભ્યો**

૧. શ્રી ભરત બી. ખીમજી (હુબલી), ૨. શ્રી મહેન્દ્ર ગોવિંદજી લાલકા (લખનૌ), ૩. શ્રી તિલક કુંવરજી લોડાયા (બેંગ્લોર), ૪. શ્રી ચંપક રાયચંદ જીવાણી (મુંબઈ), ૫. શ્રી મધુકર ગોવિંદજી ખોના (કોઈમ્બતુર), ૬. શ્રી ખેમેન્દ્ર ધનજી શાહ (મુંબઈ), ૭. શ્રી. ગોવિંદજી વિસનજી શાહ (મુંબઈ).

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૨૦. રક્તદાન, ચક્ષુદાન, કીડનીદાન અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી મણીકાંત મેઘજી મોમાયા (હૈદ્રાબાદ)

અનુમોદન આપનાર : શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (બેંગલોર)

'આજના જમાનાને અનુરૂપ રક્તદાન, ચક્ષુદાન અને કીડનીદાનની આવશ્યકતા હોઈ માનવતાના આ કાર્યમાં સહકાર આપવા જ્ઞાતિજનોને સંમેલન હિમાયત કરે છે.'

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૨૧. ધાર્મિક સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી બંકિમચંદ્ર કેશવજી લોડાયા (મુંબઈ)

અનુમોદન આપનાર : શ્રી ઉમરશી નરશી નાગડા (મુંબઈ)

'પ.પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ. સાહેબની પ્રેરણાની ચાલતી શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ' અને 'શ્રી કલ્યાણ ગૌતમ નીતિ મહિલા વિદ્યાપીઠ'ના વ્યવસ્થા તંત્રમાં જ્ઞાતિને પૂરતું પ્રતિનિધિત્વ મળે તેવો આ સંમેલન અનુરોધ કરે છે. કારણ કે આપણી જ્ઞાતિ ૯૯.૯૯% અચલગચ્છની સમાચારી પાળે છે.'

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૨૨. શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા અંગે :**

પ્રસ્તુત કરનાર : શ્રી રતિલાલ ડુંગરશી શાહ (અલ્પઈ)

અનુમોદન આપનાર : શ્રી મધુકર ગોવિંદજી ખોના (કોઈમ્બતુર)

'એન્જીનીયરીંગ, મેડિકલ તથા ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓ જ્ઞાતિહિત માટે સ્થાપવાની જરૂરિયાતને આ સંમેલન સ્વીકારે

# દ્વિતીય સંમેલનના ચોવીસ ઠરાવો (૧૭મા પાનેથી ચાલુ)

છે. આ અંગેની શક્યતાઓ તપાસી તેના અમલીકરણ માટે સત્તા આ સંમેલનના પ્રમુખ શ્રી ભરત બી. ખીમજીને આપે છે.'

આ ઠરાવ સર્વાનુમતે પસાર થયો.

**ઠરાવ ૨૩. સંમેલનના ઠરાવોના અમલીકરણ માટે કમિટી:**

પ્રસ્તુત કરનાર : શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતીથી

શ્રી પુનશી દામજી ખોના (મુંબઈ)

અનુમોદન આપનાર : શ્રી દક્ષિણભારત કચ્છી દશા ઓશવાલ એકમ વતીથી

શ્રી આર.ડી.શાહ

'શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંમેલન (૧૯૭૯) હુબલીએ સંમેલન દરમ્યાન પસાર કરેલા બધા ઠરાવોના અમલીકરણ માટે તથા તેને અનુસરીને યોગ્ય કાર્યવાહી કરવા માટે શ્રી ભરત બી. ખીમજીના પ્રમુખપદ હેઠળ અગિયાર સભ્યોની કમિટિ નિમવાનું ઠરાવે છે. આ કમિટીના ૧૦ સભાસદો નીમવાની સત્તા કમિટિના પ્રમુખ શ્રી ભરત બી. ખીમજીને આપે છે અને જરૂરિયાત જણાય તો તેઓ સદર કમિટિ પર જરૂરિયાત મુજબના સભ્યો કો.ઓપ્ટ કરી શકે તેવી સત્તા આપે છે.'

આ કમિટી પોતાની કાર્યવાહીને લગતા જરૂરી નિયમો તેમજ બંધારણ ઘડી શકશે. આ કમિટિને ઉપર જણાવેલી કાર્યવાહી કરવાની સંપૂર્ણ સત્તા આ સંમેલન આપે છે.

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.

**ઠરાવ ૨૪. પ્રસ્તુત કરનાર : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી :**

મુંબઈ વતીથી શ્રી પુનશી દામજી ખોના

અનુમોદન આપનાર : શ્રી દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના ઉપપ્રમુખ શ્રી રતિલાલ ડી. શાહ

'ઠરાવ નં.૨૩ અમલમાં આવવાથી આ સંમેલનને આ પૂર્વે પસાર કરેલા ઠરાવમાં એના અમલીકરણ માટે નિમાયેલ સમિતિ/સમિતિઓ કે વ્યક્તિ/વ્યક્તિઓ પોતાની મેળે બરખાસ્ત થઈ જશે અને તેમની સત્તા ઠરાવ નં.૨૩ મુજબ નિમાયેલ અગિયાર સભ્યોની કમિટીને રહેશે તેવું આ સંમેલન ઠરાવે છે.'

આ ઠરાવ સર્વાનુમતે મંજૂર થયો.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજન

૨, કૃષ્ણ કુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વે), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

સમસ્ત જ્ઞાતિ મહાજનો જોગ,

જે મહાજનો ચતુર્થ સંમેલનમાં ચર્ચા વિચારણા માટે પોતાના સુઝાવ મોકલવા ઈચ્છતા હોય તેઓએ તા.૧૫-૧૧-૨૦૧૮ સુધી પોતાના સુઝાવ 'વિષય વિચારણા સમિતિ' પર સમસ્ત મહાજનની ઓફિસે મોકલી આપવા વિનંતી છે.

નીશિથ આનંદ દંડ
સેક્રેટરી જનરલ

## મેડીકલ એડવાઈઝરી સમિતિ

આપના કુટુંબમાં સગાવહાલાઓમાં, ગામમાં કોઈ ડોક્ટર હોય તો તેની પૂરી વિગત મોબાઈલ નં. સાથે સમસ્ત મહાજનને મોકલશોજી કે જેથી જ્ઞાતિના ડોક્ટરોની ડિરેક્ટરીમાં તેમનું નામ આમે જ કરી શકાય.

જ્ઞાતિના સર્વે મહાજનોને વિનંતિ કે આપના ગામમાં કોઈ ડોક્ટર હોય તો તેની પૂરી વિગત મોબાઈલ નં. સાથે સમસ્ત મહાજનને મોકલશોજી કે જેથી તેમનું જ્ઞાતિના ડોક્ટરોની ડિરેક્ટરીમાં આમે જ કરી શકાય.

૧૦૦ થી વધુ જ્ઞાતિજનોની વસ્તીવાળા મહાજનોના પદાધિકારીઓને વિનંતી કે પોતાના ગામમાંથી ૨ પ્રતિનિધિને મેડીકલ એડવાઈઝરી સમિતિમાં નિમિત્તે તેમની વિગત તુરંત જણાવે. આ પહેલા પણ પત્ર દ્વારા તથા 'જ્ઞાતિમૈયા' દ્વારા આપશ્રીઓને વિનંતી કરાઈ છે.

## પ્રવીણભાઈ લોડાયાની શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના પ્રમુખપદે પુનઃવરણી થઈ



મૂળ કચ્છ કોઠારાના સમાજસેવક, કલ્યાણમિત્ર અને મહોબ્બતીલા સાથી અને શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના મહામંત્રી શ્રી પ્રવીણભાઈ ટોકરશી લોડાયા ફરી એકવાર શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના પ્રમુખપદે બિરાજમાન થયાં છે.

## શ્રી કોઠારા જૈન મહિલા મંડળની નવી કારોબારી

શ્રી કોઠારા જૈન મહિલા મંડળની તાજેતરમાં મળેલી સભામાં નવી કારોબારીની વરણી કરાઈ જેમાં પ્રમુખ તરીકે કલ્પના દિપક ધરમશી, ઉપપ્રમુખ પદે હીના દિનેશ અજાણી, મંત્રી તરીકે પૂજા જયંત લોડાયા, ખજાનચી તરીકે ફાલ્ગુની કુમાર નાગડા ચૂંટાયા હતા. તદ્ઉપરાંત કારોબારી સભ્ય તરીકે અનિતા ધરમશી, રેણુકા લોડાયા, હંસા લોડાયા, રીટા દંડ, ડિમ્પલ નાગડા, વિજય વિકમશી, હેતલ ધરમશીની વરણી થઈ હતી.

કારોબારી દ્વારા પ્રથમ પ્રોગ્રામ તરીકે નવેમ્બર માસમાં તિથલ મુકામે પિકનીક યોજવાની જાહેરાત કરાઈ હતી.

## શ્રી પરજાઉ મહાજન ટ્રસ્ટ ફંડ દ્વારા સ્નેહમિલન અને સામાન્ય સભાનું આયોજન

શ્રી પરજાઉ મહાજન ટ્રસ્ટ ફંડ આયોજીત ક.દ.ઓ. પરજાઉવાસીઓ અને નિયાણી બહેનોનું સ્નેહમિલન, સ્વામીવાત્સલ્ય અને વાર્ષિક સામાન્ય સભા તાઃ ૨૫ નવેંબર, ૨૦૧૮ ના સવારના ૯ થી સાંજે ૪ સ્થળ : ગોપુરમ સભાગૃહ, આઈરીશ હોલ, શ્રી પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડો. આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કુલ ની બાજુમાં, મુલુંડ – વેસ્ટ, મુંબઈ–૪૦૦૦૮૦.

સર્વે ગામવાસીઓ અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ. વધુ વિગત માટે સંપર્ક :- ગુલાબભાઈ – ૦૯૮૨૪૦૯૭૦૭૮, કેતનભાઈ – ૦૯૯૮૭૩૨૯૯૯૯

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના



આપ સર્વેને જાણ કરતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ કે અગાઉછી જાહેર કર્યા પ્રમાણે આપણી જ્ઞાતિનું ચાતુર્થ જ્ઞાતિ સંમેલન નલિયા મુકામે તા. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ રવિવાર, સોમવાર અને મંગળવારના નિયત સમયે યોજાઈ રહ્યું છે. જેમાં મીન-મેખ પણ ફરક નથી.

છેલ્લા કેટલાય સમયથી જ્ઞાતિ માધ્યમો તથા વોટ્સ એપના માધ્યમથી, ફેસબુકના માધ્યમથી સંમેલન નહી થશે, સંમેલન પાછળ ઠેલાશે કે સંમેલન અન્ય સ્થળે થશે એવો દુષ્પ્રચાર થઈ રહ્યો છે. જેનું અમે આ નિવેદનથી ખંડન કરીએ છીએ. હાલમાં સંમેલન કચ્છ મુકામે થવા જઈ રહ્યું છે. જેના માટે પણ અંતઃ તૃતીય સંમેલન ખૂબ જવાબદાર છે. કારણકે તૃતીય સંમેલનના સમાપન પ્રસંગે આગામી સંમેલન કચ્છમાં ભરવું એવી ભાવના સાથે સર્વે જ્ઞાતિજનો છુટા પડ્યા હતા. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાના જન્મ સ્થાન નલિયાએ આ બીડુ ઝડપતાં આપણને નલિયા મુકામે એકત્ર થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે.

તૃતીય જ્ઞાતિ સંમેલન ૧૯૯૧ને આજે ૨૭ વર્ષના વહાણા વાઈ ચુક્યા છે. એક આખી પેઢી બદલાવાના આરે આવીને ઊભી રહી ગઈ છે. ૧૯૯૧ના સંમેલન વખતે જે નાનું બાળક હતું તે આજે ભણી-ગણીને કમાતો-ધમાતો યુવક થઈ ગયો છે. એની પોતાની ઈચ્છાઓ અને આકાંક્ષાઓને મૂર્તરૂપ આપવા થનગની રહ્યો છે. તેના વિચારો આ તબક્કે જ્ઞાતિની વિચારશક્તિમાં નવા પ્રાણ પૂરવા ઉછળી રહ્યાં છે. શું તેના વિચારોની આપણે કોઈ કદર નહી કરીએ? કે આપણે સ્વયં બદલાવ સ્વીકારીને જ્ઞાતિને નવી દિશામાં પ્રગતી કરાવવા અગ્રેસર થશું આવા અનેક વિધ પ્રશ્નોની છણાવટ વિચારણા માંગી લે છે અને એટલે જ સાથે મળવું એ સમયની જરૂરિયાત છે.

હવે વાત લઈએ દુષ્કાળની. આપણા પુણ્યશ્લોકી શેઠ શ્રી નરશી નાથા પણ કચ્છમાં વારંવાર પડતા દુષ્કાળોને કારણે જ મુંબઈ અને દેશાવર પ્રતિ સ્થળાંતર કરવા આજથી બસો વર્ષ પહેલા પ્રેરિત કરી હતી. એટલે દુષ્કાળએ કચ્છીઓ માટે કોઈ નવો શબ્દ નથી. અમે દ્રઢપણે માનીએ છીએ કે દુષ્કાળનો સામનો મક્કમતાથી કરવો જોઈએ જેમાં સમસ્ત મહાજન તથા જ્ઞાતિની અન્ય અગ્રેસર સંસ્થાઓ પણ ખભે ખભા મિલાવીને ઉભી છે.

આ અગાઉ જ્ઞાતિએ આઠ-આઠ, દસ-દસ વર્ષના લગાતાર દુષ્કાળો પણ જોયા છે. અને દેશ દેશાવર તથા મુંબઈના મહાજનો અગ્રેસર થઈ પોતાનું સહભાગ પાઠવ્યો છે. એંશી અને નેવુંના દાયકામાં જ્યારે હું અનંતનાથ ટ્રસ્ટનો ટ્રસ્ટી હતો ત્યારે કચ્છ એકમ સાથે સંકલન કરી ગામેગામની પાંજરાપોળોને ઘાસચારો તથા જેમની પાસે પોતાની માલિકીના ઢોરો હતા, તેમને ત્યાં રાજદાણ વિતરણની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાથી વિપરીત આજે આપણા જ્ઞાતિજનો હસ્તકના તથા આપણી પાંજરાપોળોમાં ઢોરોની સંખ્યા ઘણીજ ઘટી ગઈ છે, અને તેને સુચારૂ રીતે ચલાવવા આપણી જ્ઞાતિની સંસ્થાઓનું કચ્છમાં વહીવટ કરનારા ખૂબજ સક્ષમ છે. તથા તેમને મજબૂત રીતે સહાયભૂત થવા આપણે સંમલનમાં યથાર્થ રીતે નક્કી કરશું માટે સંમેલન થવું અત્યંત જરૂરી છે.

(ક્રમશ ....વધુ આવતાં અંકે)

# ચતુર્થ સંમેલન માટે જ્ઞાતિજનોના મંતવ્યો

## જ્ઞાતિ શિરોમણિના ગામે થનારા આ સંમેલનના સાક્ષી બની આપણે ધન્ય થઈ શું



તા.૨૧ ઓક્ટો.ના દિવસે કચ્છ નલિયા મધ્યે સમસ્ત ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનની મિટીંગનું નલિયા-કચ્છ મધ્યે આયોજન કરવામાં આવેલ. આ મિટીંગમાં આપણી જ્ઞાતિના જ્ઞાતિજનો સમક્ષ કચ્છ અબડાસા તથા દરેક ક.દ.ઓ.ના ગામોમાંથી પધારેલા વ્હાલા જ્ઞાતિજનોને જ્ઞાતિજનોના વિચારો તથા સૂચન જાણવા-જણાવવા બાબત મિટીંગ રાખવામાં આવેલ અને આ મિટીંગ ખાસ કરીને જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી હંસભાઈ બી. ખીમજીની ઉપસ્થિતિમાં તથા સમસ્ત મહાજનના ટ્રસ્ટીવર્યો તથા નલિયા મહાજનના પ્રમુખશ્રી તથા પદાધિકારી તથા કચ્છમાંથી જ્ઞાતિના લગભગ બધા જ ગામોમાંથી જ્ઞાતિના વડીલો માતાઓ બહેનો ભાઈઓ તથા યુવાનો વ્હાલા જ્ઞાતિજનો હાજર રહી આ મિટીંગમાં પધારી મિટીંગના સાક્ષી બન્યા અને સમસ્ત મહાજનના અન્ય ટ્રસ્ટીશ્રીઓ તથા નલિયા જૈન મહાજનના પ્રમુખશ્રી તથા મહાજનના અન્ય ટ્રસ્ટીશ્રી પીનાકીનભાઈ તથા ખાસ કરીને મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા તથા જ્ઞાતિ સંમેલનની મહાસમિતિ અધિકારી-પદાધિકારીગણ તરફથી પધારેલા સર્વે જ્ઞાતિજનો સમક્ષ કચ્છમાં અને એ પણ કચ્છ નલિયા ગામની ભૂમી ઉપર જ્ઞાતિનો સંમેલનનું આયોજન બાબત વાત કરી અને સંમેલનની રૂપરેખા દર્શાવી અને દરેક જ્ઞાતિજનોને સંમેલન રાખવા બાબત દરેક ગામોમાંથી પધારેલ જ્ઞાતિજનોને ઓપન મંચ ઉપર આવીને પોતાના વિચારો તથા સૂચનો આપવા જણાવેલ અને ગણા બધા જ્ઞાતિજનોએ પોતાના વિચારો સૂચનો જ્ઞાતિ હિત માટે જણાવેલ અને હું પણ મારા વિચારો અને સૂચન જણાવું છું.

પ્રથમ તો જ્ઞાતિનો ચતુર્થ સંમેલન અને એ પણ અબડાસાની ભૂમી ઉપર ટલે કે, જ્ઞાતિની માતૃભૂમી ઉપર થવાનો હોવાથી અને ખમીરવંતી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ સંમેલનની અને એ પણ જે એવા શ્રેષ્ઠીવર્યના નામથી જ્ઞાતિ જાણીતી થઈ હોય અને ક.દ.ઓ.જ્ઞાતિ ઓળખાતી હોય એવા સમસ્ત ક.દ.ઓ.જૈન જ્ઞાતિ શિરોમણી શ્રી શેઠશ્રી નરશી નાથાની ભૂમિ પર ગામ નલિયામાં ઉજવવાનો હોઈ અને એ સંમેલન ના સાક્ષી બનવાનો જાણીને બધા ગામે ગામથી પધારેલ જ્ઞાતિજનોએ આનંદની લાગણી અનુભવીને સંમેલનના આયોજનને વધાવી લીધેલ અને પોતાના વિચારો અને સૂચનો પણ કયા૪. છતા પણ જ્ઞાતિનો સંમેલન એટલે જ્ઞાતિનો ગૌરવ અને જ્યાં જ્ઞાતિની વાત આવે ત્યારે તો ખમીરવંતી જ્ઞાતિના વ્હાલા જ્ઞાતિજનો એ સંમેલનના પણ આ આ જ્ઞાતિના કાર્યને કરવું જોઈએ અને આ સંમેલન થવું જોઈએ અને આ જ્ઞાતિના કાર્યથી જ્ઞાતિહિત માટે જ્ઞાતિ ઉત્થાન માટે જ્ઞાતિને નવી દિશા મળશે અને જ્ઞાતિના ગણા બધા કાર્યો છે. જેને વાચા આપી શકાશે. માટે કચ્છ નલિયા મધ્યે આ જ્ઞાતિના ભગીરથ કાર્યને કરવા અને થવું જ જોઈએ એ માટે મારો મત જણાવું છું અને આપણા કચ્છની આ કમનસીબી કહેવાય કે આ વર્ષે દુષ્કાળ જેવી પરિસ્થિતિ થઈ છે તો આપણા જૈનોનું આ 'જીવદયા' બાબત કર્તવ્ય છે જે આપણને કરવાનું જ છે જે દર વખતે જીવદયાનું કાર્ય થતું જ હોય છે. આપણે જૈનો કરતા હોઈએ છીએ પણ એનું કારણ એ નથી કે કચ્છની આવી પરિસ્થિતિને જોઈને જ્ઞાતિના અને જ્ઞાતિ પ્રત્યેની હિત માટે થતા કામોને અટકાવી રાખવા માટે ખાસ જ્ઞાતિના આ કાર્યને કરવાનું પણ એક મહાન કર્તવ્ય છે જે ભૂલવું ન જોઈએ. જ્ઞાતિનો સંમેલન એ જ્ઞાતિનો ગૌરવ છે અને દરેક જ્ઞાતિજનને જ્ઞાતિ દાઝ રાખીને આ ભગીરથ કાર્ય કરવા માટે જ્ઞાતિ સંમેલનના મહાસમિતિને બળ આપવો જોઈએ. એ જ જ્ઞાતિ હિત છે.

જ્ઞાતિના ભગીરથ કાર્યોમાં વિક્ષેપ કરીને કાંઈ પણ અફવાઓ ફેલાવવી ન જોઈએ. કચ્છની ખમીરવંતી જ્ઞાતિ ક.દ.ઓ.જે ક્યારે પણ કોઈપણ પરિસ્થિતિને સામનો કરવા તૈયાર હોય છે. જ્ઞાતિના આવા કાર્યો થાશે તોજ જ્ઞાતિનો ઉધાર થશે. ૨૭ વર્ષ પછી આ જ્ઞાતિ સંમેલનને મોકો મળ્યો છે એને સહજતાથી વધાવી લઈએ એ જ આપણું કર્તવ્ય છે. દુષ્કાળ પડ્યો છે માટે જ્ઞાતિના આવા કાર્યને ન કરવું એવું કોણે કીધું? અને શું કામ ન થવા જોઈએ? સો ટકા આ સંમેલન કરવું જોઈએ અને થવો જોઈએ. અને જ્ઞાતિના ગૌરવને વધારવું એ દરેક જ્ઞાતિજનોની ફરજ છે. જ્ઞાતિએ જ્ઞાતિમૈયા છે. માટે ખાસ કરીને આયોજન કરાવવાવાળાને બિરદાવવું જોઈએ, વધાવું જોઈએ. અને આવા કાર્યને કરવાવાળને સાથે સૌ જ્ઞાતિજનોએ જ્ઞાતિબળ બતાવી અને જ્ઞાતિદાઝનો પુરાવો આપવો જોઈએ. માટે મારો મત તો એ જ છે અને રહેશે કે જ્ઞાતિનો આ સંમેલન થવો જ જોઈએ.

'જીયો ત ઝેર મ થીયો, થીયો ત સકર જેડા સેણ... મરી વેન્ધા માડુડા.. રોંધા ભલે જા વેંણ...'

હું ફરી ફરી આ જ્ઞાતિના મહાસંમેલનના પ્રમુખશ્રી તથા સંમેલન સમિતિ તથા સમસ્ત મહાજનના સર્વે પદાધિકારીઓ તથા નલિયા મહાજનના પદાધિકારીઓને બધાને બિરદાવું છું અને શુભેચ્છા પાઠવું છું. હું એક નાનો માણસ છું. નિંધન-ધન ન આપી શકે પણ તન અને મનથી. શબ્દો રૂપી દિલ-ધારી પાઠવું છું. હું નાનો પણ જ્ઞાતિનો એક અંગ છું. મારી વિચાર ધારા જ્ઞાતિ-સંમેલનના પદાધિકારીઓને પાઠવું છું. જય જ્ઞાતિ મૈયા' જય જીનેન્દ્ર **– ચેતન લીલાધર ખોના (સુથરી-કચ્છ) અંતરજાળ, આદિપુર**

# સાંધવ જ્ઞાતિ મહાજન દ્વારા શ્રી સિધ્ધાચલ મહાતિર્થ, શંખેશ્વર, મહુડીની તીર્થયાત્રા સંપન્ન



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ આયોજીત, સંઘપતિ પરિવાર માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ અને માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયાના સહયોગથી બે દિવસની તીર્થયાત્રા ૨૦૦ જણની સંખ્યામાં નિંવિઘ્ને થયેલ. તા. ૫-૧૦-૨૦૧૮ના મુંબઈથી ૭.૪૦ કલાકે ટ્રેન દ્વારા અમદાવાદ તરફ પ્રયાણ. સાંધવથી ૨ × ૩ લક્ઝરી બસ દ્વારા મહુડી તરફ પ્રયાણ. તા.૬ ઓક્ટોબર રોજે મણિનગર સ્ટેશને આગમન. સ્ટેશન ઉપર ક.દ.ઓ. જૈનજ્ઞાતિના સારી સંખ્યામાં અગ્રણીઓ સંઘને આવકાર આપવા માટે. પધારેલ. અચલગચ્છ ઉપાશ્રયમાં પ.પૂ.સા.ભ. મુક્તિરત્ના શ્રીજી મ.સા. આદીઠાણા ૨ને વંદન કરવા સંઘ ગયેલ. પ.પૂ. માંગલીક સંભળાવેલ. જ્ઞાતિ મહાજન અમદાવાદ તેમજ ચંદ્રકાંત લોડાયા ટોકરશી લોડાયા, દીનેશ મૈશેરી દ્વારા સંઘપતિ પરિવારનું તેમજ સામજીભાઈ દંડનું બહુમાન કરેલ. રૂા. ૧૦નું સંઘપૂજન ૧). શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ, ૨) શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા-બાંઢીયા, ૩) ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા અને ટોકરશી નરશી લોડાયા, ૪) દીનેશ લખમશી મૈશેરી રૂા. ૫ શ્રી અચલગચ્છ જૈન સંઘ. અમદાવાદ, ટોટલ ૩૫ રૂા.નું સંઘપૂજન થયેલ. ત્યારબાદ મહુડી તરફ પ્રયાણ. દેવદર્શન-પૂજા-પાઠ સુખડી ચડાવી નૌકારશીનો લાભ આપી. વિજાપુર તીર્થના દર્શન કરી મહેસાણા તીર્થના દર્શન કરી બપોરના ચૌવિહાર કરીને કચ્છી ભુવન ટ્રેસ્ટ્ર દ્વારા બને સંઘપતિ પરિવારનું બહુમાન કરવામાં આવેલ. ત્યાંથી પાવાપુરી તીર્થના દર્શન કરી પાલીતાણા રાત્રે નરશીનાથા ધર્મશાળામાં આગમન. તા. ૭-૧૦ના સવારના ૫.૩૦ કલાકે ચાર્તુમાસ બીરાજમાન પ.પૂ.આ.ભશ્રી કલાપ્રભ સાગરજી મ.સા.અને સાધુભગંવતો સાધવીશ્રી ભગવંતો. નવાણું કરનાર યાત્રિક યાત્રા કરાવનાર સંઘપતિ બને પરિવાર સાથે વાજતે ગાજતે તળેટીમાં ત્યાંથી બાબુલના દેરાસરજીમાં પાંચ ચૈત્ય વંદન કરાવેલ. ત્યાંથી સંઘ ગિરીરાજની યાત્રા કરવાનું પ્રયાણ કરેલ. બપોરના તેમજ સાંજના ચૌવિહાર હિરાપન્ના ધર્મશાળામાં કરવામાં આવેલ. બપોરના ૨.૦૦ કલાકે નરશીનાથા ધર્મશાળામાં સંઘપતિ પરિવારનું સાંધવ મહાજન તરફથી



## સાંધવ જ્ઞાતિ મહાજન દ્વારા શ્રી સિધ્ધાચલ મહાતિર્થ, શંખેશ્વર, મહુડી... (૨૨મા પાનેથી ચાલુ)



અનુમોદનાનું પ્રોગ્રામ રાખવામાં આવેલ. સર્વે સંઘ, સંઘપતિ પરિવારનું બહુમાન કરેલ. જે યાત્રિક ગિરિરાજની પ્રથમવાર યાત્રા કરનાર ૮ જણ અને પગેચાલીને નાના નાના બાલુડાઓ યાત્રા કરેલ તેમજ બે દિવસની યાત્રામાં એકાસણા, ઉપવાસ જે કરેલ તે સર્વેનું સંઘ પતિ પરિવાર તરફથી અનુમોદના કરવામાં આવેલ ત્યાર બાદ સંઘ આપણા ગચ્છના દરેક ધર્મશાળામાં ભગવંતોને વંદન કરવા ગયેલ. ૪ કલાકે પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણપ્રભસાગરજી મ.સા.ને સર્વે સંઘ સાથે વંદના કરેલ. બંને સંઘ પતિ પરિવાર તથા સાંધવ મહાજનના પ્રમુખશ્રીનું નવાણું યાત્રાના ટ્રસ્ટ દ્વારા બહુમાન કરવામાં આવેલ. બોલપેનના પ્રભાવના કરવામાં આવેલ. દરેક ભાગ્યશાળી તરફથી દરેક યાત્રિકને રૂા. ૨૦૦ની પ્રભાવના કરવામાં આવેલ સંઘપતિ પરિવાર તરફથી દરેક યાત્રીકને ૧ ગ્રામ ચાંદીનો કળશ, પીપર ચોકલેટ બીસ્કીટ, વેફર, મગદાળ, ચીકી, બિસલેરી બોટલ, એર્નજી ઠંડાપીણા, ભેલ તા. ૭-૧૦ ના સવારના નૌકારશી



માટે નાસ્તા પેકેટ, આપવામાં આવેલ બસોમાં ધાર્મિક કવિક સ્તોવનોની હરીફાઈ, ભક્તિ ભાવના કરાવવામાં આવી. ૧-૨-૩ નંબરનું અનુમોદના કરવામાં આવેલ, રાત્રે ૭.૧૦ કલાકે સોનગઢથી ટ્રેન દ્વારા પ્રયાણ, કચ્છવાળા બસ દ્વારા સાંધવતરફ પ્રયાણ કરેલ. તા.૮-૧૦-૨૦૧૮ના સવારના પોતપોતાના સ્થાને પહોચી ગયેલ, અમદાવાદથી બસોની વ્યવસ્થા તેમજ મહુડી મહેસાણા સર્વે વ્યવસ્થા કરી આપેલ ચંદ્રેશ વિરેન્દ્ર લોડાયા અને મહેન્દ્રભાઈ ખોનાનું તેમજ યાત્રાને સફળ બનાવવા સર્વે કાર્યકરભાઈઓનું ખૂબ ખૂબ અનુમોદના.

બને સંઘપતિ પરિવારે લાખેણી યાત્રા કરાવેલ તે બદલ પરિવારને તેમજ યાત્રા સફળ કરવા માટે સહયોગી થનાર રાજેશ દંડ, મિથુન પટેલ, સંદિપ લોડાયા, હિતેશ પટેલ, ચંદ્રેશ સોની, પરેશ દંડ, કિરણ દંડ, પ્રકાશ લોડાયા, મુકેશ દંડ, પ્રદિપ ખોના, પંકજ ડાઘા, તોરલબેન શાહ, દિપેશ મુનવર તથા સર્વે કાર્યકરોની ખૂબ ખૂબ અનુમોદના.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**



ISO 9001:2015
BN INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
**Insurance & Financial Services**
**An ISO 9001:2015 Certified Co.**

**India's Leading Agent**
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

*Chandresh Somchand Lodaya*
*(+91) 98671 70789 • 98671 70794*



WORK IS WORSHIP
**MA OM PARIVAHAN PVT. LTD.**

Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

**Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.**

**Larin Khona**
**(Sujapar)**

anmol
COLLECTION
ART & FRAMES
ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS
/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com

*World is changing rapidly...*

*Todays everything is available on one CLICK at our door steps....*

# KDO B2B

has formed a platform for our own KDO community to multiply our business Opportunities.

## Lets all take one step to digitise our kdo businesses by connecting them in the thread of KDO B2B.

*Lets transform our businesses by taking them to the next level. And first step is to simply click the link given below and fill up the form as Soon as possible .....*

**b2b.kdosamastamahajan.org**

- first 500 business will be posted free in our website in B2B portal.
- huge business opportunities amongst our community and their contact spheres awaits you. So don't wait and go for it.
- enhance your entraprenuerial skills by being part of eminent KDO business community.



# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રજ્ઞેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**NAME :** MONIKA SHIRISH SHIYAL

**BIRTH DATE :** 6TH DECEMBER 1993

**HEIGHT :** 5'5"

**WEIGHT :** 46 KG

**EDUCATION QUA. :** M.COM (BANKING AND FINANCE) FROM MUMBAI

**HOBBIES :** DANCING, TRAVELLING NEW PALCES, MOVIE

**NATIVE PALCE :** DALTUNGI

**HAL :** CHALISGOAN

**BIRTH PLACE :** CHALISGOAN

**BIRTH TIME :** 1:10 P.M.

**CONATCE DETAIL :** 8805502299 (WHAT'S UP NO.) 8805508999 -Mother

**PREFERNCE :** WANT TO SETTEL IN MUMBAI.

**FAMILY BACKGROUND :**

**GRAND PARENTS :** LATE DANBAI VERSHI LADDABHAI SHIYAL

**FATHER :** SHIRISH VERSHI SHIYAL, B. Com, GROCERY SHOP

**MOTHER :** CHANDRA SHIRISH SHIYAL, S. Y. Bcom, HOUSEWIFE

**MOSAL :** MANJULA VELCHAND LODAYA (GAAM:GORAKHADI), HAL : DOMBIVLI

Gyatimaiya KDO Mahajan Code No. G-7

**NAME :-** Vijal Lalit Maisheri (Shah)



**DATE OF BIRTH :-** 14th Nov. 1989'

**COMPLEXION :-** Wheatish

**HEIGHT :-** 57"

**QUALIFICATION :-** B.Com, Pursuing CA

**OCCUPATION :-** Working with a CA Firm

**HOBBIES :-** Doing creative things, Listening music etc

**NATIVE :-** Kutch (Naliya)

**FATHER :-** Lalit Ratanshi Maisheri (Shah)

**GRANDPARENTS :-** Rajbai Ratanshi Maisheri

**MOTHER :-** Bharati Lalit Maisheri (Shah)

**GRANDPARENTS :-** Kantaben Govindji Lodaya (Sanyara)

**MOBILE NO. :-** 0260-2425058, 7405245339, 8347606799

**EMAIL ID :-** titbit14@gmail.com

**ADDRESS :-** 1/104, Mahavir Darshan, Mahavir Nagar, N.H.No.8, Vapi - 396191.

**FAMILY VP NO. :-** NLMA0501601

Gyatimaiya KDO Mahajan Code No. G-8

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચર્તુથ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

**૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**







**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● માંડવી વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન અને શ્રીમતી મણીબેન પ્રેમજી કારાણી મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત એન્કરવાલા સરસ્વતી માધ્યમિક વિદ્યાલયની ૧૦ ધોરણની છાત્રા હેત્વી મહેન્દ્રભાઈ પટેલ રાજ્ય કક્ષાએ ગોધરા ખાતે યોજાયેલી એથ્લેટિક્સ સિલેકશન્સ સ્પર્ધામાં ચક્રફેક અને ગોળાફેકમાં વિજેતા થતા લખનૌ ખાતે યોજાનાર રાષ્ટ્રીય સ્પર્ધામાં રાજ્યનું નેતૃત્વ કરશે.

● નખત્રાણામાં તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપ દ્વારા નવરાત્રીને અનુ લક્ષી બાલિકાઓને ઘરદીઠ સુશોભિત ગરબા વિતરણ કરાયા તથા રાસ ગરબા હરિફાઈમાં શ્રેષ્ઠ ૧૫ સ્પર્ધક બાલિકાઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો.

● કચ્છમાં ચાલુ સાલે ઊભી થયેલી અછતની પરિસ્થિતિ વચ્ચે ગૌવંશ સહિત પશુઓની હાલત કફોડી બનવા જઈ રહી છે ત્યારે મુંબઈ વાસી લાયજા જૈન સોશ્યિલ ગ્રુપે પોતાનો ભવ્ય કાર્યક્રમ રદ કરીનેએ રકમ ગામના પશુધનને બચાવવા વાપરવાનો પ્રેરક અને સ્તુતય નિર્ણય લીધો છે.

● લખપત તાલુકાના કોરિયાણી ગામમાં દેવલમા જોગમાયા તથા હનુમાનજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિવિધ કાર્યક્રમમો સાથે સાત ગામની ભજન મંડળીએ આરાધી વાણી અને પાટકોરી ભજનો યોજયા હતા. ગામની ૧૫૦ ગાયોને ૩ મહિનાથી ઘાસચારો આપતા ચમનસિંહ સોઢાનું સન્માન કરાયું.

● સામાન્ય રીતે સંઘ દિવ્યાંગો લાકડીના ટેકે અથવા કોઈના હાથના સહારે ચાલતા જોઈએ છીએ ગાંધીધામમાં રાઉન્ડ ટેબલ સંસ્થા દ્વારા સંઘજન કાર રેલીનું યોજન કરાયું હતું. જેમાં ૯૫ પ્રજ્ઞાચક્ષુઓએ કાર ચાલકને દિશા બતાવીને અનોખી સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૨૬ કિ.મી. ની આ કાર રેલીમાં પ્રત્યેક સ્પર્ધકે ૨૦ કિ.મી ગતિના આધારે નક્કી કરેલા ચાર પોઈન્ટ પર હાજરી પૂરાવવાની હતી. કાર રેલી લોકોમાં કુતૂહલ જમાવ્યું હતું.

● ગાંધીધામના વરિષ્ઠ બાળ રોગ નિષ્ણાત ડૉ નવીન ઠક્કર ઈન્ટરનેશનલ પીડિયાટ્રિક એસોસિયેશનના એક્ઝિટ્યુટિવ ડિરેક્ટર ના પ્રતિષ્ઠિત પદ પર વરણી પામ્યાં છે. આ નિમણુંક વર્ષ ૨૦૧૯-૨૦૨૧ માટે સુધીની છે. ૧૦૮ વર્ષ જુનું આ આંતરરાષ્ટ્રીય સંગઠન ૧૪૦ થી વધુ દેશોના બાળ રોગ નિષ્ણાત તબીબોનું પ્રતિનિધિત્વ કરે છે. ડૉ. ઠક્કર આ અગાઉ એશિયા પેસિફિક પીડિયાટ્રિક એસોસિયેશનના પ્રમુખ તરીકે તેમજ ઈન્ડિયન એકેડમી ઓફ પીડિયાટ્રિકના અધ્યક્ષ તરીકે રહી ચૂક્યાં છે.

● જૈન મુની કમલપ્રભસાગરજી મ.સા.નિશ્રામાં ડુમરા જૈન મહાજનના ઉપક્રમે કાવ્ય ગોષ્ઠિ યોજાઈ હતી. જેમાં ડૉ. વિશન નાગડા, નારાયણજી જોષી કારાયલ, વિશ્રામ એમ. ગઢવી, રવિ પેથાણી 'તિમિર', દાઉદ ટાના, નેણશી ભાનુશાલી 'જાની', હરેશ દરજી 'કસબી' વગેરે કવિઓએ શબ્દ સાહિત્યની રમઝટ જમાવી હતી.

● કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઈરાનીએ સાંસદ આદર્શ ગામ હેઠળ દતક લીધેલા પાવર પટ્ટી વિસ્તારના નિરોણા ગામમાં ૧૦.૮ કરોડના પ્રથમ તબક્કાનાં વિકાસ કાર્યોનો પ્રારંભ કરાવ્યો હતો. આ ગામની રોગાન, લાખ, ખરડી, ચર્મ અને વણાટ કલાને દુનિયાના દેશોની કલાબજાર સુધી પહોંચાડવા કેન્દ્ર સરકાર તમામ સહાય કરશે એમ પણ આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું.

● ભુજ તાલુકાના પધ્ધર નજીકની બાલ કિષ્ણા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા કુ.ની સામાજીક જવાબદારીના ભાગરૂપે ખાસ આસપાસના ગામોમાં ફરતું નિઃશુલ્ક દવાખાનું શરૂ કરાયું છે. કંઢરાઈ અને વડવારા બંન્ને ગામમાં અઠવાડિયામાં એક એક દિવસ આ મોબાઈલ દવાખાનું નિઃશુલ્ક સેવા આપશે આવનારા દિવસોમાં વધુ ગામડાઓ આવરી લેવાશે એવું આ પ્રસંગે જણાવાયું હતું.

# તેરા તીર્થે ચાતુર્માસ પરિવર્તન કાર્યક્રમનું આયોજન

આપણી પાસે ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી પુનીતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી અર્ચિતગુણાશ્રીજી મ.સા. ચાતુર્માસ પરિવર્તન તેરાથી સુજાપર ગામે કરશે. જે કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

સવંત ૨૦૭૫ કારતક વદ ૧ શુક્રવાર તા.૨૩-૧૧-૨૦૧૮ના સવારના ૫ કલાકે.

તા.૨૩-૧૧-૨૦૧૮ના પ.પૂ.સાધ્વીશ્રી પુનીતગુણાશ્રીજી મ.સા. અત્રેથી સકલ સંઘ સાથે પગપાળા સુજાપર ગામે જશે. સંઘમાંથી જે ભાઈ-બહેનો પગપાળા નહિ ચાલી શકે તેમના માટે તેરાથી સુજાપર અને સુજાપરથી તેરા વાહનની વ્યવસ્થા કરવામાં આવેલ છે તો આ પ્રંસગે સંઘમાંથી વધુમાં વધુ ભાઈ બહેનોને લાભ લેવા વિનંતી છે.

સુજાપર મધ્યે પ.પૂ.મ.સા.ના ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે મોટી પૂજા શ્રીસંઘ તરફથી ભણાવવામાં આવશે.

સુજાપર મધ્યે સકલ સંઘને સવારની નવકારશી તેમજ બપોરના સાધર્મિક ભક્તિની વ્યવસ્થા પણ ત્યાં રાખવામાં આવેલ છે. બપોર બાદ સકલ સંઘ સુજાપરથી તેરા પરત આવશે.

આ ચાતુર્માસ પરિવર્તનનું આયોજન સુજાપર માટે ગોઠવવામાં આવેલ છે. તેના સંપૂર્ણ ખર્ચના લાભાર્થી દાતા શ્રીમતિ જ્યોતિબેન નરેન્દ્રભાઈ શામજી દંડ-તેરા (આણંદ પરિવાર)એ લીધેલ છે. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદી ઠાણા નલિયાથી તા.૨૩-૧૨-૨૦૧૮ સાંજના અથવા તા.૨૪-૧૨-૨૦૧૮ના સવારના તેરા તીર્થે પધારશે. ત્યારે સકલ સંઘને અચૂક હાજરી આપવા વિનંતી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા સંમેલનના પ્રતિનિધિઓ માટેની સભા યોજાઈ






શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન આયોજિત અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયાના યજમાનપદે નલિયા (કચ્છ) મુકામે તા.૨૩,૨૪,૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના જ્ઞાતિનું ચતુર્થ સંમેલન યોજાઈ રહ્યું છે, તેની તૈયારી રૂપે શ્રી ક.દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા સંમેલનમાં આવનારા પ્રતિનિધિઓ માટેની એક સભા શનિવાર તા.૨૭-૮-૨૦૧૮ના શ્રી અનંતનાથજી દેરાસર મસ્જીદ બંદર મુંબઈ ખાતે સાંજના ૬.૩૦ કલાકે મળેલ હતી. જેમાં ૫૯ સભ્યોની હાજરી રહી હતી. સભાની શરૂઆત શ્રી નવકાર મંત્રના સ્મરણ તથા શ્રી અનંતનાથ દાદાની જય બોલાવીને કરવામાં આવી હતી. મુંબઈ મહાજનના સેક્રેટરી શ્રી રમેશભાઈ લોડાયાએ સર્વે સભ્યોને આવકાર આપી માહિતગાર કર્યા હતા તથા સંમેલન માટે આવેલ વિવિધ ઠરાવો રજૂ કર્યા હતા, જેની વિવિધ ચર્ચા કરવામાં આવી હતી અને તે સર્વે ઠરાવો મુંબઈ મહાજનવતી સંમેલનમાં મુકવા એવું સર્વ સંમતિથી નક્કી થયું હતું.





શ્રી રાજેશ રાયચંદ છેડા તથા શ્રી વિક્રમ ડી. પટેલના સુઝાવો અને સૂચનો પર શ્રી દિલીપ કુસુમકાંત નાગડા દ્વારા પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને સારી એવી સમજણ સભ્યોને આપી હતી. ત્યારબાદ શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રભાઈ મણિલાલ ખોના દ્વારા સંમેલનની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી તથા ત્યાં હાજર રહેલ દરેક પ્રતિનિધિઓના સવાલોના સંતોષકારક જવાબો આપ્યાં હતાં તથા દરેક પ્રતિનિધિઓને સારામાં સારી સગવડતા મળી રહેશે અને હજુ વધુમાં વધુ પ્રતિનિધિઓ મુંબઈ મહાજન માંથી જોડાઈ નલિયા સંમેલનમાં પધારે એવી ટહેલ નાખી હતી. સંમેલનના મુખ્ય સહયોગી જ્ઞાતિશ્રેષ્ઠીવર્ય શ્રીમાન હંસકુમાર બી. ખીમજી એ પણ દરેક પધારેલ પ્રતિનિધિઓને આ સંમેલન આપણી જ્ઞાતિનું અને આપણા જ્ઞાતિભાઈઓના હિતાર્થે યોજાઈ રહ્યું છે, એમ જણાવ્યું હતું તથા પોતાના તરફથી પણ સારી સંખ્યામાં પધારવા જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ આપેલ, તેમના આર્શિવચનને સૌ કોઈએ વધાવી લીધા બાદ શ્રી અનંતનાથ દાદાની જય બોલાવી સભા પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

## જીવન ઘટમાળ

### ● મરણ નોંધ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૧૦-૨૦૧૮ | ડોંબિવલી | નવીન હંસરાજ ગાલા | કોટડી | ૬૫ |
| ૨૫-૧૦-૨૦૧૮ | બેંગલોર | લક્ષ્મીબાઈ હિરજી લોડાયા | કોઠારા | ૮૬ |

# NOW SAVE UPTO 99%# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

## (ZERO DEP COVER ALSO AVAILABLE)



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
## દ્વારા આયોજીત

**યજમાન : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલિયા**

**સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા અબડાસા, કચ્છ**

**મુખ્ય સહયોગી : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, કચ્છ તેરા, માટુંગા**
**હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી, તેરા માટુંગા**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
**(સેક્રેટરી જનરલ)**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)
mahajansamast@gmail.com

**Gyatimaiya**
Weekly E-magazine